## ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Teerthdham Manglayatan”** from where we have sourced **“Badhte Charan FirstStandard”**.

**“Teerthdham Manglayatan”** have taken due care, However, if you find any error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to Info@Manglayatan.com **“Teerthdham Manglayatan”**



આપણા જીવનશિલ્પી
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રી
કાનજીસ્વામીના
કરકમળોમાં સવિનય સમર્પિત.

અમે છીએ આપના
નાના નાના જ્ઞાયક



# ૨



## વંદના

નમન કરું હું અરહંત દેવને,
નમન કરું હું સિદ્ધ ભગવંતને,
નમન કરું આચાર્યદેવને,
નમન કરું ઉપાધ્યાય દેવને,
નમન કરું હું સર્વ સાધુને.



3

# આપણા દેવ – અરહંત ભગવાન

## ણમો અરહંતાણં




આ અરહંત ભગવાન છે.

અરહંત ભગવાન શરીરસહિત છે.

અરહંત ભગવાન જન્મ-મરણ આદિ દોષોથી રહિત છે.

અરહંત ભગવાન વીતરાગી અને સર્વજ્ઞ હોય છે.

અરહંત ભગવાન આપણને મુક્તિના માર્ગનો ઉપદેશ આપે છે.

આવા અરહંત ભગવાનને મારા નમસ્કાર હો.

૪

# આપણા સાધ્ય – સિદ્ધ ભગવાન




સિદ્ધ ભગવાન શરીરરહિત છે.
સિદ્ધ ભગવાનને જન્મ-મરણ હોતા નથી.
સિદ્ધ ભગવાન પરિપૂર્ણ સુખી છે.
સિદ્ધ ભગવાન સંસારમાં પાછા આવતા નથી.
સિદ્ધ ભગવાનનું સ્વરૂપ જાણવાથી આપણને
નિજ સ્વરૂપનું જ્ઞાન થાય છે.
આવા સિદ્ધ ભગવાનને મારા નમસ્કાર હો.

૫

# આપણા ગુરુ – આચાર્ય ભગવાન

## ણમો આઇરિયાણં



આ આચાર્ય ભગવાન છે.

આચાર્ય ભગવાન સમસ્ત પરિગ્રહરહિત નગ્ન દિગંબર હોય છે.

આચાર્ય ભગવાન મુનિસંઘના નાયક છે.


આચાર્ય ભગવાન આત્માનંદના ભોગી હોય છે.

આવા આચાર્ય ભગવાનને મારા નમસ્કાર હો !

૬

# આપણા ગુરુ – ઉપાધ્યાય ભગવાન

## ણમો ઉવજ્ઝાયાણં



ઉપાધ્યાય ભગવાન સંપૂર્ણ જૈન શાસ્ત્રોના જ્ઞાતા હોય છે.

ઉપાધ્યાય ભગવાન મુનિસંઘમાં ભણાવવાના અધિકારી હોય છે.

ઉપાધ્યાય ભગવાન ભવ્ય જીવોને જિનવાણીનું અધ્યયન કરાવે છે.

ઉપાધ્યાય ભગવાન અતીન્દ્રિય સુખના ભોક્તા હોય છે.

આવા ઉપાધ્યાય ભગવાનને મારા નમસ્કાર હો !

૭

# આપણા ગુરુ – સાધુ ભગવાન

## ણમો લોએ સવ્વ સાહૂણં



સાધુ અર્થાત્ મુનિરાજ પોતાના શાંત સ્વરૂપમાં લીન છે.
મુનિરાજની શાંત મુદ્રાને જોઈને ક્રોધી સર્પ, જંગલી વાઘ,
ચંચળ વાંદરો અને ભીરૂ સસલું પણ શાંત થઈ જાય છે.
મુનિરાજ આપણને આત્માનું સ્વરૂપ સમજાવે છે.
આવા સર્વ મુનિરાજને મારા નમસ્કાર હો !



આવો બાળકો, આજે આપણે જૈનધર્મમાં નિરૂપણ કરેલાં છ દ્રવ્યોના નામ શીખીએ.
આ છ દ્રવ્યો અરહંત ભગવાને કેવળજ્ઞાનમાં જોયા છે અને કહ્યા છે.

આ વિશ્વમાં છ જાતિના દ્રવ્ય છે.

૧. જીવ.
૨. પુદ્‌ગલ.
૩. ધર્માસ્તિકાય.
૪. અધર્માસ્તિકાય.
૫. આકાશ.
૬. કાળ.




ભગવાન મહાવીર પાવાપુરથી નિર્વાણને પ્રાપ્ત થયા. તેઓએ આસો વદ અમાસને દિવસે સિદ્ધ દશા પ્રાપ્ત કરી તેથી સ્વર્ગમાંથી ઇન્દ્રોએ આવીને દીપ પ્રગટાવી તેમનો નિર્વાણ મહોત્સવ ઉજવ્યો. દીપાવલી પર્વ અજ્ઞાનઅંધકારનો નાશ કરી જ્ઞાનપ્રકાશ પ્રગટ કરવાની પ્રેરણા આપે છે.




# અમે નાના નાના જ્ઞાયક



પાંચ બજે ઉઠતે હૈં હમ,

છહ બજે હમ નહાતે હૈં,






સુંદર સાફ પહનકર કપડે,






બજે સાત હમ મંદિર જાતે,









કરેં નાશ્તા આઠ બજે હમ,

નૌ બજે જાતે હમ સ્કૂલ,








કરતે હોમવર્ક તીન બજે,

ચાર બજે હમ ખેલેં ખેલ,








રાત્રિ પૂર્વ હમ ભોજન કરતે,



સાત બજે ફિર પઢતે હમ,





૧૫



નૌ બજે કરે ધર્મ કી ચર્ચા,



ફિર, દસ બજે સો જાતે હમ.


૧૬

# તત્ત્વ

ગુરુજી : બોલો બાળકો ! તત્ત્વ કેટલા હોય છે ?

બાળકો : ગુરુજી ! ગઈકાલે આપે તત્ત્વ સાત બતાવ્યા હતા.

ગુરુજી : આજે બધા બાળકો પોતાની નોટબુકમાં સાતે તત્ત્વના નામ લખે.






જિનમંદિરના પગથિયા ચડતી વખતે ત્રણ વખત નિ:સહી, નિ:સહી, નિ:સહી તથા મંદિરજીમાં બિરાજમાન સર્વ જિનેન્દ્ર ભગવાનનો જય બોલીને પ્રવેશ કરવો. નિ:સહીનો અર્થ એ છે કે, ભગવાનના દર્શન અને પૂજન કરતી વખતે હું સંસાર સંબંધી બધા વિચારોનો ત્યાગ કરું છું.



તત્પશ્ચાત્ ભગવાનની સામે
હાથ જોડીને...
ॐ જય જય જય,
નમોસ્તુ નમોસ્તુ નમોસ્તુ
ણમો અરહંતાણં,
ણમો સિદ્ધાણં
ણમો આઇરિયાણં
ણમો ઉવજ્ઝાયાણં
ણમો લોએ સવ્વ સાહૂણં



ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં,
ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો,
ચત્તારિ સરણં પવ્વજ્જામિ, અરહંતે સરણં પવ્વજ્જામિ,
સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ,
કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ...

ઇત્યાદિ પાઠ, સ્તુતિ બોલીને ભગવાનને નમસ્કાર કરવા જોઈએ. ભગવાનની વેદીને ત્રણ વખત પ્રદક્ષિણા દેવી જોઈએ. આ પ્રકારે જિનેન્દ્રદર્શન કરીને જિનવાણીને સાંભળવા બેસવું અને જિનવાણીમાં બતાવ્યા અનુસાર પોતાના આત્માને ઓળખીને ભગવાન બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.



# ૧૯ તીર્થંકર અને ભગવાન

૧. તીર્થંકર ચોવીસ હોય છે.
ભગવાન અનંત હોય છે.

૨. બધા તીર્થંકર ભગવાન હોય છે.
બધા ભગવાન તીર્થંકર નથી હોતા.


૩. તીર્થંકરને દિવ્યધ્વનિ હોય છે.
ભગવાનને દિવ્યધ્વનિ હોવી અનિવાર્ય નથી.

૪. તીર્થંકરને ચિહ્ન અને સમવસરણ હોય છે.
ભગવાનને ચિહ્ન અને સમવસરણ નથી હોતા.

૫. તીર્થંકર થયા વિના પણ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે.
ભગવાન થયા વિના મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી.

૬. તીર્થંકર પ્રકૃતિ પુણ્યનું ફળ છે.
ભગવાનપણું ધર્મનું ફળ છે.





# જન્મદિવસની વાર્તા

આજે જિન નામના બાળકનો જન્મદિવસ છે. પોતે જન્મથી જૈન અને સંસ્કારી છે એટલે તે સર્વપ્રથમ માતા-પિતાને પ્રણામ કરે છે અને માતા-પિતાના આશીર્વાદ માગે છે.




૨૧
બેટા જિન ! આજે તારો જન્મ દિવસ છે એમ કહેવાય છે. ખરેખર તો તું અજર-અમર આત્મા છો. આત્માને જન્મ-મરણ નથી હોતા. શરીરનું મળવું તેને જન્મ અને શરીરનું છૂટી જવું તેને મરણ કહેવાય છે.
માતા ! મારે મારા જન્મદિવસે શું કરવું જોઈએ ?
સાંભળ જિન ! આજે જન્મદિવસના પ્રસંગે તું સારા નિયમો લે કે, (૧) હું રોજ જિનમંદિરમાં દેવદર્શન કરવા જઈશ. (૨) ભગવાનની પૂજા કરીશ. (૩) રોજ નિયમિત અડધી કલાક સ્વાધ્યાય કરીશ અને (૪) આત્મસ્વરૂપને ઓળખવાનો પ્રયાસ કરીશ.
માતા ! હું આજે તમે બતાવેલા બધા નિયમો લઉં છું. અત્યારે જ જિનમંદિર જઈને ભગવાનના દર્શન, પૂજન કરીને સ્વાધ્યાય કરીશ. પરંતુ...



માતા :– હા, હા... બેટા બોલ ! શું કહેવું છે ?


જિન :– માતા ! મારી નિશાળમાં આવતા બીજા મિત્રો તો જન્મદિવસને ઉજવે છે અને હોટલમાં પણ જાય છે, તે શું ન કરવું જોઈએ ?

માતા :– હા, પુત્ર ! આપણે તો જન્મ-મરણથી મુક્ત થઈને ભગવાન બનવું છે. હોટલમાં જવું તે તો પાપ છે. જન્મદિવસની સાચી સફળતા તો ભગવાન બનવાનો પ્રયાસ કરવો તે છે.

જિન :– માતા ! જન્મ-મરણથી મુક્ત થવા માટે શું કરવું જોઈએ ?

માતા :– જન્મ-મરણથી મુક્ત થવા માટે પોતાના આત્મસ્વરૂપને ઓળખવું જોઈએ. જીવ પોતાના આત્મ સ્વરૂપને નહિ ઓળખવાથી જન્મ-મરણના દુઃખ ભોગવે છે.

જિન :– ઠીક છે, માતા ! હું પણ મારા આત્મસ્વરૂપને ઓળખીને ભગવાન બનીશ.


૨૩
અને બાળક જિન, માતાના કહેવા
પ્રમાણે ભગવાનનું સ્મરણ
કરતો કરતો જિનમંદિર તરફ
જઈ રહ્યો છે.
પ્રિય બાળકો ! તમે પણ બાળક જિનની જેમ પોતાના આત્માને
સમજવાનો પ્રયત્ન કરજો. પોતાના આત્માને સમજવા માટે રોજ
જિનમંદિર જજો, સ્વાધ્યાય કરજો, પૂજા કરજો અને એક દિવસ
પોતાના આત્માને સમજીને ભગવાન બની જજો !

# મેરે મન મેં હૈ વિશ્વાસ...

હમ હોંગે જ્ઞાનવાન, હમ હોંગે જ્ઞાનવાન,
હમ હોંગે જ્ઞાનવાન, એક દિન,
હો-હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ,
હમ હોંગે જ્ઞાનવાન, એક દિન.

હમ ધરેંગે આતમ-ધ્યાન, હમ ધરેંગે આતમ-ધ્યાન,
હમ ધરેંગે આતમ-ધ્યાન, એક દિન.
હો-હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ,
હમ ધરેંગે આતમ-ધ્યાન, એક દિન.

હમ ભી બનેંગે ભગવાન, હમ ભી બનેંગે ભગવાન,
હમ ભી બનેંગે ભગવાન, એક દિન,
હો-હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ,
હમ ભી બનેંગે ભગવાન, એક દિન.